 ગાંધીનગર સમાચાર

# ગુજરાતનો મહાસંગ્રામ 2012



૩૬ - ગાંધીનગર ઉત્તરના ઉમેદવારને ઓળખો

**સુરેશભાઈ ચતુરદાસ પટેલ**

**(પલિયડ)**

## ધરતીના માનવી સુરેશભાઈ ચતુરદાસ પટેલ સમાજ તેમજ સહકારી ક્ષેત્રે પણ પગદંડો જમાવી શક્યા છે

ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ઉમેદવાર સુરેશભાઈ પટેલ મૂળ પલિયડ (તા. કલોલ, જિ. ગાંધીનગર)ના વતની છે. પરિવાર ખેતીના વ્યવસાય સાથે જોડાયેલ હોવાથી મહેનતકશ અને પરગજુ સ્વભાવના સુરેશભાઈને શૈક્ષણિક ક્ષેત્રથી જ કોઈકને મદદરૂપ થવાની લગની લાગી છે. અને પરિણામે જ્યાં પણ સેવાકીય કાર્ય હોય ત્યાં હરખથી દોડી જાય છે. પછી તે ધાર્મિક કાર્ય હોય કે શૈક્ષણિક કાર્ય હોય અથવા સામાજિક ક્ષેત્ર હોય - તન, મન, ધનથી સમર્પિત થઈ નિષ્ઠાપૂર્વક સેવાઓ આપે છે. તેમનાં ધર્મપત્ની, એક પુત્ર અને એક પુત્રી તમામ અમેરિકા સ્થાયી થયેલા છે પણ સુરેશભાઈ વતનની મહેંક છોડી શકતા નથી એ તેમની વિશિષ્ટ લાયકાત કહી શકાય. પોતે કડવા પાટીદાર બેતાલીસ સમાજના મોભી છે, સાથે સહકારી ક્ષેત્રે પણ પગદંડો જમાવી અદના કાર્યકર તરીકે ઈમેજ ઊભી કરી શક્યા છે.



મહેસાણા ડિસ્ટ્રીક્ટ કો-ઓપ. બેન્ક, કલોલ નાગરિક સહકારી બેન્ક, કલોલ તાલુકા કેળવણી મંડળ, ક્રેડિટ સોસાયટી મહેસાણામાં ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી ચૂક્યા છે.

વૈજનાથ મહાદેવ (વાસણિયા મહાદેવ), પીપળેશ્વર મહાદેવ (સાલડી), ગાયત્રી મંદિર (પલિયડ), સીતાબા સદન (અંબાજી), ગાયત્રી પરિવાર સેવા ટ્રસ્ટ (કલોલ) વિગેરે સંસ્થાઓમાં તેમણે સક્રિય યોગદાન આપી સૌનો આદર પ્રાપ્ત કર્યો છે.

લોકસભાની ૨૦૦૯ની ચૂંટણીમાં ભાજપના દિગ્ગજ નેતા શ્રી લાલકૃષ્ણ અડવાણીજી સામે ચૂંટણી જંગ ખેલી ચૂક્યા છે. કલોલ તાલુકા પંચાયતમાં ૧૯૭૮થી ૧૯૯૮ સુધી કોંગ્રેસના કાર્યકર તરીકે વિજયી થયા હતા. પણ ૧૯૯૮માં વિધાનસભાની ચૂંટણીમાં કલોલ મતક્ષેત્રથી વિજયી થતાં તાલુકા પંચાયતના સભ્યપદેથી રાજીનામું આપેલ (એક વ્યક્તિ, એક પદ) ત્યારથી પોતાના મત વિસ્તાર કલોલમાં જનસંપર્ક માટે અને લોક ફરિયાદ નિવારણ માટે સવારના આઠથી રાતના આઠ સુધી કાર્યાલય શરૂ કરેલ છે, જે આજપર્યંત ચાલુ છે. નબળા વર્ગના વિદ્યાર્થીઓ વ્યાજબી ખર્ચે શિક્ષણ મેળવી શકે તે માટે તેમણે કેળવણી મંડળ સંચાલિત ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ પણ ચાલુ કરાવેલ છે. સહકારી બેન્કના ડિરેક્ટર તરીકે ખેડૂતોને વધુ ને વધુ ધિરાણ મળે તે માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યા છે. રાજકીય ક્ષેત્રે સેમિનાર કે સંમેલનોમાં કાર્યકરોને મોટી સંખ્યામાં એકત્ર કરવાની વિશિષ્ટ કામગીરી પક્ષ દ્વારા તેમને સોંપાય છે જે કુશળતાથી જવાબદારી નિભાવે છે. તેમના પરગજુ સ્વભાવને કારણે મિત્ર વર્તુળમાં એક સેવાભાવી કાર્યકર તરીકે નામના મેળવી શક્યા છે. વિશાળ મિત્ર વર્તુળ ધરાવતા સુરેશભાઈ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સૌના માનીતા ધારાસભ્ય છે. તેમણે ૨૦૧૨ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ગાંધીનગર ઉત્તર બેઠક માટે ઉમેદવારી નોંધાવી છે, તેમનો અભ્યાસ એસવાય બીકોમ સુધીનો છે.

# ગુજરાત પરિવર્તન પાર્ટીએ જાહેર કર્યું વધુ એક પેકેજ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત પરિવર્તન પાર્ટીની સરકાર સત્તામાં આવશે તો પ્રજા માટે શું કરશે તે અંગેનું પેકેજ આજે પક્ષના આગેવાન ઝડફીયાએ જાહેર કર્યું હતું.

રાંધણગેસના ભાવ હોય કે તેલના ડબ્બાના ભાવ ગૃહિણીઓના બજેટ ખોરવાઈ રહ્યા છે. બેકાર યુવાનોની સંખ્યા વધી રહી છે અને ગરીબ વિદ્યાર્થી માટે ઉચ્ચ શિક્ષણ જાણે સપનું બની રહ્યું છે. અસલામતી અરાજકતાનો ઈન્ડેક્ષ રોજ વધી રહ્યો છે. આમ આદમી માટે ઘરનું ઘર એક સ્વપ્ન બની ગયું છે એમ પક્ષની યાદીમાં જણાવ્યું છે.

ગુજરાત પરિવર્તન પાર્ટી પ્રજાના પૈસા ઉદ્યોગપતિઓને બદલે પ્રજાની સુવિધા અને સહાયતા માટે વપરાય એ સંકલ્પ સાથે ગુજરાતની જનતાને આ સંદેશો આપી રહી છે. પરિવર્તન પેકેજ એ રાહત નથી ગુજરાતની જનતાનો હક્ક છે. જે અમે તમને આપવા માંગીએ છીએ.



## ગુજરાત પરિવર્તન પાર્ટી આપશે..

● **મોઘવારીમાંથી રાહત**

- રાંધણ ગેસના બાટલામાં એક સિલિન્ડર પર રૂ. ૧૦૦ની રાહત, - પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. પરના વેટમાં ૩૦ ટકા રાહત, એસ.ટી. બસના ભાડામાં ૨૦ ટકા ઘટાડો, - ગરીબ બહેનોને દર વર્ષે ૨ સાડી અપાશે. જેમાંથી ૧ ખાદીની હશે. જેથી હજારો વણકર પરિવારને રોજગારી મળશે., - નગર-મહાનગરોમાં વસતા નાગરીકોને ૩૦૦ યુનિટ સુધીના વીજબીલમાં ૫૦ ટકા સુધી રાહત.

● **ખેડૂતોને રાહત**

- ૪.૫ લાખ પેન્ડીંગ તમામ વીજ કનેક્શનોને ૨ વર્ષમાં જોડાણો., - ત્યારબાદ અરજી કરનારને માત્ર ૯૦ દિવસમાં જોડાણ અપાશે., - ખેડૂતો પોતાને મળેલા વીજ જોડાણની મર્યાદામાં એકથી વધારે મોટરો સિંચાઈ તથા અન્ય ઉપયોગ માટે વાપરી શકશે., - જ્યારે જ્યારે ખેત પેદાશોના ભાવ ટેકાના ભાવથી ઓછા હોય ત્યારે સરકાર ટેકાના ભાવ આપી ખેડૂતોને બચાવશે., - રાસાયણીક ખાતર તથા જંતુનાશક દવાઓ પરથી વેટ સંપૂર્ણ નાબુદ કરાશે., - ૪૭ લાખ ખેડૂતોને ખેતી માટે વિના મુલ્યે વિજળી અપાશે., - ભુંડ તથા રોજ દ્વારા ખેતરમાં થતા પાકના નુકશાનના રક્ષણ માટે ૮૦-૨૦ ની લોકભાગીદારીથી દરેક ખેતરને ફેન્સીંગ કરી અપાશે.

● **ગામડાઓને રાહત**

- ગામડાના પ્રત્યેક પરિવારોને મફત વિજળી અપાશે., - દરેક ગ્રામ પંચાયતને ૫ ક્વિન્ટલ અનાજનો અનામત જથ્થો અપાશે જેથી કોઈ ગરીબ ભુખ્યો ન સુવે., - ગામડાના ઘર વિહોણા પરિવારોને મફત ૧૧૦ ચો. વારનો પ્લોટ, બાંધકામ માટે ૧ લાખ સુધીની સરળ હપ્તાની ૧૫ વર્ષની લોન અને રૂપિયા ૨૫ હજારની સહાય આપી દરેકને રહેવા માટે મકાન અપાશે.

● **બેરોજગાર યુવાનો માટે સ્વાભિમાન પેકેજ**

- ધોરણ-૧૦ સુધી ભણેલા બેકાર યુવાનોને ધંધો કરવા માટે રૂ. ૧૦,૦૦૦ સુધીની સીધી મદદ.
- ધોરણ-૧૨ સુધી ભણેલા બેકાર યુવાનોને ૨ વર્ષ માટે દર મહિને રૂ. ૧૫૦૦ નું બેરોજગાર ભથ્થું
- ગ્રેજ્યુએટ બેરોજગાર યુવાનોને ૨ વર્ષ માટે દર મહિને રૂ. ૨૦૦૦ બેરોજગાર ભથ્થુ
- શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજગાર મળે તે માટેની વિનામુલ્યે તાલીમ અપાશે.

● **આરોગ્ય સેવાઓ**

- તમામ સીએચસી/પીએચસી સરકારી દવાખાનાઓ અને સિવિલ હોસ્પિટલમાં તમામ દર્દીઓને જીવન રક્ષક દવાઓ વિના મૂલ્યે., - જીવન રક્ષક દવાઓ ઉપરનો સંપૂર્ણ વેટ માફ કરવામાં આવશે., - સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની ખબર કાઢવા માટે લેવાતો ચાર્જ નાબૂદ કરવામાં આવશે., - રાજ્યના તમામ નાગરીકને કીડની, કેન્સર અને આરોગ્યની સારવાર વિના મૂલ્યે.

● **માલધારી/પશુપાલકો માટે ખાસ પેકેજ**

- જે માલધારી ખેડૂત ખાતેદાર ન હોય તેવા પશુપાલકોને ૨ એકર સુધી ખેતીની જમીન ખરીદવા માટે છૂટ., - માલધારીઓ તથા અન્ય લોકોના વાડાઓને નિયમિત કરવામાં આવશે., - ગૌવંશ બચાવવા માટે દરેક જિલ્લા તથા મહાનગરોમાં સ્પે. પોલીસની ગૌરક્ષા સ્કવોર્ડ બનાવવામાં આવશે.

● **સિંચાઈ-પાણી**

- નર્મદા સર્વદેના નારાઓ લગાવનારી ભાજપ સરકારે નર્મદા કેનાલનું માળખુ ૮૪,૦૦૦ કિ.મી. માંથી માત્ર ૨૦,૦૦૦ કિ.મી.જ બનાવ્યું છે. ગુજરાત પરિવર્તન પાર્ટી માત્ર ૫ વર્ષમાં ૬૪૦૦૦ કિ.મી.ના માળખા પુરી કરી ૧૭.૯૨ લાખ હેક્ટરને સિંચાઈનું આપવાનું વચન આપે છે.
- કલ્પસર યોજના મૂળ સ્વરૂપે સાકાર કરીને લાખ્ખો હેક્ટર જમીનમાં સિંચાઈ, ૫૮૦૦ મેગાવોટ, દરિયાઈ, ભરતી જન્ય વિજળી તથા સૌરાષ્ટ્રની પ્રજાને દુષ્કાળમાંથી કાયમી મુક્ત કરશે.
- શ્રી કેશુભાઈના અગાઉની સરકારે જે ચેકડેમો માટે જળ સંચયનો યત્ર કર્યો હતો તેવી જ રીતે ૨ લાખ નવા ચેકડેમો બનાવવામાં આવશે.

# દક્ષિણ ગુજરાતમાં ખરાખરીનો ખેલ

## પરિવર્તન પાર્ટીને કાશીરામ રાણાની ખોટ સાલી રહી છે

**ચૂંટણી ચક્રવ્યૂહ**
**- યુયુત્સુ દેસાઈ**

દક્ષિણ ગુજરાતનો આદિવાસી વિસ્તાર ક્યારેક કોંગ્રેસનો ગઢ ગણાતો ગતો. ઝીણાભાઈ દરજી અને ઉત્તમભાઈ પટેલ જેવા ઝુઝારુ નેતાઓએ આ વિસ્તારનો અમરસિંહ ચૌધરી અને સી ડી પટેલ જેવા નવલોહિયા કાર્યકરોને રાજ્યસ્તરે અને રાષ્ટ્રીય સ્તરે મુકી આપી આદિવાસી પ્રજાના અને કોળી પટેલોના આત્મ સન્માનનો પુરસ્કાર કર્યો હોઈ ઝીણાભાઈ દરજીના અવસાનના એક દાયકા પછી પણ અહીં કોંગ્રેસનો ખાસ્સો દબદબો છે. અલબત્ત, ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના પરંપરાગત ગઢમાં બાકોરાં પાડવાનો પ્રયત્ન જરૂર કર્યો છે. આવા પ્રયાસોમાં છેલ્લે નવો જિલ્લો 'તાપી' આપીને મતદારોને આકર્ષવાનો વર્તમાન મુખ્યમંત્રીનો પ્રયાસ કેટલો કારગત રહેશે, તે આ વખતની ચૂંટણીમાં દેખાઈ આવશે.

કોંગ્રેસના પ્રથમ આદિવાસી મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી આ વિસ્તારમાં ઝીણાભાઈ દરજીની લગોલગ સ્થાન દેવતાની જેમ પૂજાય છે. બેઉ આમ તો ગુરુચેલાના સંબંધે જોડાયેલા હતા, બલકે અમરસિંહ ચૌધરી ખરું પૂછો તો ઝીણાભાઈનું જ 'માનસ સંતાન' ગણાય. પરંતુ રાજકારણમાં પરાપૂર્વથી બનતું આવ્યું છે એમ કાળાન્તરે ચેલો જ ગુરુનું ઉઠમણું કરવા કામે લાગી જતો હોય છે. અમરસિંહ ચૌધરી અને ઝીણાભાઈ વચ્ચે છેલ્લે તો બોલવાનો પણ વહેવાર બચ્યો નહોતો. વ્યારાની બેઠક પરથી મુખ્યમંત્રી પદે સાડા ચાર વરસ સુધી યાદગાર સેવાઓ આપનાર અમરસિંહ ભીલાભાઈ ચૌધરીને ઝીણાભાઈ દરજીએ ઊભા કરેલ એમના નામેશરી અમરસિંહ ઝેડ ચૌધરીએ હરાવ્યા હતા. એ પછી અમરસિંહ ચૌધરીએ સાબરકાંઠાને કાર્યક્ષેત્ર બનાવ્યું હતું. પરંતુ પોતાના મૂળ વિસ્તાર તરફ પણ એ સતત ધ્યાન આપતા રહ્યા હતા. મરતા પહેલાં પુત્ર ડૉ. તુષાર ચૌધરીને વ્યારા વિસ્તારમાં પુનઃસ્થાપિત કરવામાં એમને સફળતા સાંપડી હતી.

**વ્યારાની બેઠક પરથી મુખ્યમંત્રી પદે સાડા ચાર વરસ સુધી યાદગાર સેવાઓ આપનાર અમરસિંહ ભીલાભાઈ ચૌધરીને ઝીણાભાઈ દરજીએ ઊભા કરેલ એમના નામેશરી અમરસિંહ ઝેડ. ચૌધરીએ હરાવ્યા હતા**

તુષાર ચૌધરીએ ધારાસભ્ય અને સંસદસભ્ય તરીકે નોંધપાત્ર કામગીરી બજાવી છે. હાલ તેઓ યુપીએ સરકારના માર્ગ પરિવહન રાજ્યમંત્રી તરીકે કાર્યરત હોઈ ગુજરાત કોંગ્રેસના અગ્રગણ્ય યુવા નેતા અને આદિવાસી નેતા તરીકેની બેવડી પ્રતિષ્ઠા ધરાવે છે. નરહરિ અમીન અને નરેશ રાવળ જેવા ભારેખમ સિનીયર નેતાઓને અવગણી શકનાર કોંગ્રેસ હાઈકમાંડને તુષાર ચૌધરીના લઘુબંધુ - અમરસિંહના ત્રીજા નંબરના પુત્ર તેજસ ચૌધરીને ટિકિટ આપવી પડી છે. એટલું જ નહીં, એમના મત વિસ્તારમાં સોનિયા ગાંધીની સભા પણ યોજાવાની છે. આદિવાસી મતદારોને કોંગ્રેસ હરહંમેશ પોતાની પાર્ટી લાગતી રહી છે, એમાં પણ સવિશેષ દક્ષિણ ગુજરાતનો આદિવાસી સમાજ તો વિપરીત સંજોગોમાં પણ કોંગ્રેસના પંજાને જ વળગી રહ્યો છે - એની સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પણ કદર કરે છે. અહીં ચૌધરી, ગામીત અને હળપતિ જેવા વિવિધ આદિવાસી જ્ઞાતિસમૂહો વસે છે અને દરેકનો પોતપોતાની રીતે રાજકારણમાં પ્રભાવ પણ રહ્યો છે.

છીતુભાઈ ગામીત લગભગ જીવ્યા ત્યાં સુધી સંસદની બેઠક પર ચૂંટાતા રહ્યા. અમરસિંહ ચૌધરી માટે એ માથાનો દુખાવો બની રહ્યા હતા પરંતુ હાઈકમાંડ એમને છેલ્લે સુધી સાચવતો રહ્યો. અમરસિંહ ચૌધરીના એક સમયના વફાદાર સાથી અને પાછળથી નિશા ગામેતી સાથેના અમરસિંહ ચૌધરીના વિવાદાસ્પદ લગ્નસંબંધને કારણે રાજ્યસભાની મંશા અધૂરી રહેતાં એમની સામે પડેલા એમના વેવાઈ - ડૉ. તુષાર ચૌધરીના સસરા - સહદેવ ચૌધરી કોંગ્રેસને રામ રામ કરી દઈ શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ સાથે જોડાયા હતા. અત્યારે તેઓ જમાઈરાજ ડૉ. તુષાર ચૌધરી સાથે ખભેખભો મિલાવી માંગરોળ બેઠક પર ઊભા રહેલ તેજસને જિતાડવા દિવસરાત એક કરી રહ્યા છે. અમરસિંહ ચૌધરીનાં વિધવા ગજરાબેન પણ જિલ્લા પંચાયતના રાજકારણમાં સતત સક્રિય રહ્યાં છે અને વ્યારામાં તથા આસપાસના વિસ્તારમાં એક ઉમદા લોકસેવિકા તરીકે એમની ઊંચી પ્રતિષ્ઠા છે. વ્યારાની બેઠક પર ઉમેદવારી કરવા તેજસને માંગરોળની બેઠક પર ખસેડી કોંગ્રેસ હાઈકમાંડે ગામીત સમાજને સાચવી લીધો છે. જો કે માંગરોળની બેઠક પર વસાવા જ્ઞાતિની ૪૦ ટકા જેટલી વસતિ છે અને વર્તમાન વિધાનસભા અધ્યક્ષ ગણપતભાઈ વસાવા એ જ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર રમણભાઈ ચૌધરીને હરાવીને ૧૨,૯૦૦ના અંતરથી વિજેતા બન્યા હતા.

આ બેઠક પર તેજસ ચૌધરીને મૂકીને અમરસિંહ ચૌધરીના નામે જુગાર ખેલાયો છે. ચૌધરી જ્ઞાતિના ફક્ત ૧૧ ટકા મતદારો ઉપરાંત ૧૬ ટકા મુસ્લિમ અને ૩૭ ટકા ઈતર મતદારોના જોરે તેજસ ચૌધરી મોદી સરકારના કહ્યાગરા સ્પીકર ગણપત વસાવાનો સામનો કરશે. અહીં જગતસિંહ વસાવા અપક્ષ ઉમેદવાર છે જે ભાજપના ઉમેદવારને નુકસાન કરશે. પરિવર્તન પાર્ટીના રમેશભાઈ કાઠોડિયા પણ સ્વાભાવિક રીતે જ ભાજપમાં ગાબડું પાડશે.

સ્પીકર અને માજી મુખ્યમંત્રી- વર્તમાન કેન્દ્રીય મંત્રીના પરિવાર વચ્ચેનો આ જંગ દક્ષિણ ગુજરાતના આદિવાસી પટ્ટાની પ્રતિષ્ઠાની બેઠક બની રહેશે. એવી જ બીજી પ્રતિષ્ઠાની બેઠક ગણદેવીની સામાન્યમાંથી અનામત બનેલી બેઠક બની રહેશે. અગાઉ ચાર ટર્મથી આ બેઠક પર ભાજપ જીતતો રહ્યો છે. નવા સીમાંકનમાં ૭૮ હજાર મતદારો વધ્યા છે અને બે પ્રતિષ્ઠિત ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ભાજપ તરફથી મંત્રીમંડળના આદિવાસી સભ્ય મંગુભાઈ પટેલ મેદાનમાં છે, તો સામે કોંગ્રેસ પક્ષે સિનિયર મહિલા અગ્રણી ભારતીબેન પટેલને ટિકિટ આપતાં આ બેઠક પ્રતિષ્ઠાની બેઠક બની છે. તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા વિધાનસભા ક્ષેત્રમાં કોંગ્રેસે રિપીટ થિયરી અજમાવતાં બળવાનું વાતાવરણ છે. કોંગ્રેસના પુનાજી ગામીત સામે એમના ભાજપના સતત બે ટર્મથી હારતા રહેલા પ્રતાપ ગામીત સ્પર્ધામાં છે. વ્યારામાં વર્ષો પછી પહેલી વાર ભાજપની નગરપાલિકા બની છે, અને એને પહેલી જ વાર જિલ્લા મથકનું ગૌરવ પણ ભાજપ સરકારે ઉપલબ્ધ કરાવેલ છે.

અમરસિંહ ચૌધરી પ્રત્યેના વિશેષ સદ્‌ભાવને કારણે હંમેશા કોંગ્રેસની પડખે રહેતા મતદારો તેજસ ચૌધરીને આ બેઠક પર ટિકિટ નહીં મળતાં નારાજગી અનુભવે છે. બે ગામીત ઉમેદવારો વચ્ચે પરિવર્તન પાર્ટીના ચૌધરી ઉમેદવાર કેવો લાભ ઊઠાવે છે તે જોવું રસપ્રદ બની રહેશે. સુરતમાં કેશુબાપાનો જે કરિશ્મા છે તે ૬૦ કિમી દૂર વ્યારા સુધી પહોંચે તો કંઈક વાત જામે !

**બે ગામીત ઉમેદવારો વચ્ચે પરિવર્તન પાર્ટીના ચૌધરી ઉમેદવાર કેવો લાભ ઊઠાવે છે તે જોવું રસપ્રદ બની રહેશે. સુરતમાં કેશુબાપાનો જે કરિશ્મા છે તે ૬૦ કિમી દૂર વ્યારા સુધી પહોંચે તો કંઈક વાત જામે !**

૨૦૦૭ની ચૂંટણીમાં દક્ષિણ ગુજરાતની ૨૨ બેઠકો પૈકી ૧૬ બેઠકો પર ભગવો લહેરાવી ભાજપે દિગ્વિજય કર્યો હતો. નવા સીમાંકનમાં સુરતના શહેરી વિસ્તારમાં બેઠકો વધતાં દક્ષિણ ગુજરાતમાં કુલ ૨૮ બેઠકો થઈ છે. ક્યારેક દક્ષિણ ગુજરાત કોંગ્રેસનો ગઢ ગણાતું હતું. ત્યાં છેલ્લાં વર્ષો દરમ્યાન સમીકરણ બદલાયાં છે. ડાંગ જેવી કોંગ્રેસની કાયમી ગણાતી બેઠક માધુભાઈ ભોયેના અવસાન પછી કોંગ્રેસ માટે અસલામત બની ગઈ છે.

૨૦૦૭ની ચૂંટણીમાં માધુભાઈ ભોયે ભાજપના વિજય પટેલ સામે ૭૮૮૩ મતના અંતરથી હારી ગયા હતા. ભાજપે વિજય પટેલને રિપીટ કર્યા છે અને કોંગ્રેસે એમની સામે મંગલ ગાવિતને મેદાનમાં ઉતાર્યા છે. અહીં બેઉ કુનબી ઉમેદવારો માટે ધર્માંતરણ કરી ખ્રિસ્તી બની ગયેલા પચીસ ટકા મતદારો પર હારજીતનો મદાર છે. પરિવર્તન પાર્ટીના યોગેશ ભોયે કદાચ સ્વ. માધુભાઈ ભોયેને ગુડવિલનો લાભ અંકે કરવા મથશે.

નવસારીની બેઠક નવા સીમાંકનમાં સામાન્ય બનવાથી અહીંથી સતત ચૂંટાતા રહેલા વનમંત્રી મંગુભાઈ પટેલને ગણદેવી બેઠક પર પ્રયાણ કરવું પડ્યું છે. હળપતિ આદિવાસીઓના ૩૧ ટકા જેટલા મત નિર્ણાયક બનશે. અહીં ૧૫ ટકા કોળી પટેલોના પ્રતિનિધિ એવા એ ડી પટેલ કોંગ્રેસના ઉમેદવાર છે.

ભાજપે એમની સામે ૮ ટકા મતદારો ધરાવતા અનાવિલ સમાજના પિયુષ દેસાઈને મેદાનમાં ઉતાર્યા છે. જલાલપોરની બે ઠક પર એના વિજેતા ઉમેદવાર આરસી પટેલને રિપીટ કર્યા છે. ક્યારેક આ બેઠક પરથી કોંગ્રેસના ધૂરંધર આગેવાન સી ડી પટેલ ચૂંટાતા હતા. આ બેઠક પર હંમેશા કોળી પટેલ ઉમેદવાર જ ચૂંટાતો રહ્યો છે, છતાં કોંગ્રેસે આ વખતે અહીં રણજિત પંચાલને ઉતારી અન્ય સમાજના મતદારોને આકર્ષવાની કોશિષ કરી છે. પરિવર્તન પાર્ટીએ આ બેઠક પર ચંદ્રકાંત રાણાને મેદાનમાં ઉતાર્યા છે. નવસારીની બેઠક પર પરિવર્તન પાર્ટીના અનાવિલ ઉમેદવાર ભાજપના જ મતોમાં ભાગ પડાવશે. અલબત્ત, કાશીરામ રાણાના અકાળ અવસાનને કારણે દક્ષિણ ગુજરાતમાં પરિવર્તન પાર્ટીની તકો પાંખી બની ગઈ છે.

(ક્રમશઃ)